Cancer Centre

# દર્દીઓ માટે
# સ્ટોમા માર્ગદર્શિકા



## A તમારા સ્ટોમાને સમજો

સ્ટોમા એ તમારા પેટ પર બનાવવામાં આવેલું એક છિદ્ર છે, જેથી કરીને મળ અને પેશાબ બહાર આવી શકે. તમારી બીમારી અને સર્જરી પ્રમાણે તે થોડા સમય માટે (ટેમ્પરરી) કે કાયમી હોઈ શકે.

### સ્વસ્થ સ્ટોમા નીચે પ્રમાણે હોવું જોઈએ

① ગુલાબી કે લાલ રંગનું ② ભીનાશ ધરાવતું

③ થોડું ઊંચું ④ દુખાવા વગરનુ



જો સ્ટોમા કાળું, ફિક્કું, ખૂબ જ ફૂલી ગયું લાગે — તરત તમારા સર્જનનો સંપર્ક કરો.

## B સ્ટોમાની દૈનિક કાળજી કેવી રીતે લેશો (Daily Care Routine)

### ① જરૂરી વસ્તુઓ સાથે રાખો

- સ્વચ્છ પાણી
- નરમ કપડું / ટિશ્યુ
- નવી સ્ટોમા બેગ અને ફ્લેંજ
- સ્ટોમા માપવાની ગાઇડ
- સ્કિન બેરિયર / સ્કિન વાઇપ્સ (જો કહેવાયું હોય તો)




### ② સ્ટોમા માપવું

- પ્રથમ 6–8 અઠવાડિયામાં આકાર બદલાઈ શકે
- છિદ્રને સ્ટોમાના ડાયામીટરથી 1-2 mm દૂર રાખવું.



### ③ જૂની બેગ કેવી રીતે કાઢશો

- ઉપરથી નીચે ધીમે થી કાઢો
- એક હાથથી ત્વચાને સપોર્ટ આપો
- બેગ ભરેલી હોય તો પહેલાં ખાલી કરો



### ④ સ્ટોમા અને આસપાસની ત્વચાની સફાઈ

- ગરમ પાણીથી સાફ કરો
- સુગંધિત સાબુનો ઉપયોગ ન કરો
- સારી રીતે સૂકવી લો
- લાલાશ, ઘા કે ઈરિટેશન ચકાસો




### ⑤ નવું બેગ લગાવવું

- ત્વચા પૂરેપૂરી સૂકી હોવી જોઈએ
- સ્કિન બેરિયર લગાવો (જો જણાવેલ હોય તો)
- સ્ટોમા ના કેન્દ્રમાં ફ્લેંજ બેસાડો
- 20–30 સેકન્ડ દબાવી રાખો
- તમામ કિનારી સારી રીતે ચોંટેલ હોવી જોઈએ



### ⑥ જૂની બેગનો નિકાલ કેવી રીતે કરશો

- અખબારમાં / પ્લાસ્ટિકમાં લપેટો
- સામાન્ય કચરામાં નાખો (ફ્લશ ન કરો)



## C સ્ટોમા સર્જરી પછી શું ખાવું?

### ① પ્રથમ 2-3 અઠવાડિયા

- નરમ ભોજન
- થોડું-થોડું કરીને વારંવાર ખાવું
- પાણી / ORS / નાળિયેર પાણી/
  સૂપ પૂરતું પીવું

### ② થોડા સમય માટે ટાળવા જેવી વસ્તુઓ

- ગેસ કરનાર ખોરાક: ચણાની દાળ,
  રાજમા, કોબી, ડુંગળી
- જો તમે ઈંડા, માછલી, ડુંગળી કે લસણ વગેરેની વાસ
  સહન ના કરી શકતા હોવ તો તે લેવાનું ટાળો.
- કાચું અને વધારે ફાઈબરવાળું ખાવાનું

### ③ ધીમે-ધીમે સામેલ કરો

- ફળ: કેળું, પપૈયું, સફરજન
- દહીં
- દાળ-ભાત
- નરમ રોટલી

### ④ Ileostomy માટે

- વધારે આઉટપુટ હોય તો ORS નિયમિત લો
- પાણીની ઊણપ (dehydration) ટાળો

## D પ્રવૃત્તિ અને જીવનશૈલી

- તમે સામાન્ય રીતે નાહી શકો (બેગ લગાવેલું હોય કે કાઢેલું).
- ઢીલા અને આરામદાયક કપડાં પહેરો.
- 6–8 અઠવાડિયા ભારે વજન ન ઉચકો.
- દરરોજ ચાલવું ફાયદાકારક છે.
- જરૂર જણાય તો સપોર્ટ બેલ્ટ પહેરો.
- પ્રવાસમાં વધારાના બેગ અને વાઇપ્સ રાખો.

## E ચેતવણીના સંકેત - તરત સર્જન અથવા નર્સનો સંપર્ક કરો

- વારંવાર લીક થવું
- ત્વચા પર વધુ પડતી લાલાશ તથા ખંજવાળ આવવી
- વધારે આઉટપુટ (>1.5–2 લીટર/દિવસ)
- સ્ટોમા કાળું/વાદળી દેખાવું
- 12 કલાક સુધી આઉટપુટ ન આવવું તથા સાતે પેટમાં દુખવું
- તાવ કે ડિહાઇડ્રેશનના લક્ષણો
- સ્ટોમામાંથી વધુ રક્તસ્ત્રાવ
- અચાનક સ્ટોમા બહાર નીકળી જવું (prolapse) અથવા અંદર ધસાઈ જવું (retraction)

## F ભાવનાત્મક સપોર્ટ

- શરૂઆતમાં ગભરાટ કે ચિંતા સહજ છે.
- પ્રેક્ટિસ સાથે સ્ટોમાની કાળજી સરળ બની જાય છે.
- પરિવારનો સહકાર બહુ મદદરૂપ બને છે.
- અમારી સ્ટોમા નર્સ દરેક સ્ટેપ પર મદદ માટે તૈયાર છે.
- માનસિક સ્વાથ્યનું ધ્યાન રાખો


**એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક**

**079 6677 0000**

**contact@kdhospital.co.in**

**કેડી હોસ્પિટલ કેમ્પસ**
વૈષ્ણોદેવી સર્કલ, એસ જી હાઇવે,
અમદાવાદ, ગુજરાત - 382421


**વધુ માહિતી માટે QR કોડ સ્કેન કરો.**